હોમ અને ઓટો લોનના ઈએમઆઈ ઘટાડાશે

પીએસયુ બેંકોના વડાઓ સાથે નાણામંત્રીની મહત્વની બેઠક : અટવાયેલા પ્રોજેક્ટોના મુદ્દા પર ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, અર્થતંત્ર ગંભીર પ્રકારના પડકારોમાંથી રિકવર થઇ રહ્યું છે. છેલ્લા થોડાક વર્ષોમાં અર્થતંત્ર ગંભીર પ્રકારના પડકારોમાં હતુ. જેટલીએ ઉમેર્યું હતું કે, આગામી થોડાક મહિનાઓમાં રેટમાં વધુ કાપ મુકવામાં આવી શકે છે. જેટલીએ હોમ, ઓટો અને અન્ય લોનના ઈએમઆઈ ઘટશે તેઓ સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, બેંકોએ રેટમાં કાપનો લાભ લોકોને આપવા તૈયારી બતાવી છે. પીએસયુ બેંકોના વડાઓ સાથે વાતચીત કર્યા બાદ મિડિયા સાથે વાતચીત કરતા જેટલીએ કહ્યું હતુ કે, રેટમાં કાપનો લાભ બેંકો સામાન્ય લોકોને આપે તેવી અપેક્ષા રાખી રહ્યા છીએ. રિઝર્વ બેંકે જાન્યુઆરી બાદથી રેપોરેટમાં ૦.૭૫ ટકા સુધીનો કાપ મુકી દીધો છે પરંતુ કસ્ટમરોને ઓછા વ્યાજદરના રેટના લાભ આપ્યા નથી. નાણામંત્રી પીએસયુ વડાઓને મળ્યા હતા જેમાં તેમના પરફોર્મન્સ અને બેડલોનની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે સાથે વિકાસને વેગ આપવા માટે ધિરાણદારોને તમામ લાભ આપવા જેટલીએ પીએસયુ બેંકોને અપીલ કરી હતી. આરબીઆઈના કાપનો લાભ લોકોને આપવા માટે જેટલીએ કહ્યું હતું કે, કોર્પોરેટ ક્રેડિટ ઝડપથી વધી રહી નથી. નોનપરફોર્મિંગ સંપત્તિ માર્ચ ૨૦૧૫ના આંકડા મુજબ ઘટીને ૫.૨ ટકા થઇ છે. જેટલીએ ઉમેર્યું હતું કે, સરકાર અટવાઈ પડેલા પ્રોજેક્ટના મુદ્દા ઉપર રાજ્યો સાથે વાત કરી રહી છે. અમે સંબંધિત વિભાગોની બેઠક બોલાવીશું અને અટવાઈ પડેલા પ્રોજેક્ટોના મુદ્દા ઉપર વાત કરીશું. જેટલીએ કહ્યું હતું કે સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સરકારી ખર્ચ નોંધપાત્રરીતે વધારી રહી છે. તેમણે ઉમેર્યું હતું. વધુ ઉંચા વિકાસદરની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. સરકારનું રેવન્યુ અંદાજ વધુ આશાસ્પદ દેખાઈ રહ્યો છે. જેટલીએ પીએસયુના ગ્રોસ એનપીએના મુદ્દા ઉપર વાત કરી હતી અને કહ્યું હતું કે, આરબીઆઈના ડેટા મુજબ ડિસેમ્બર ૨૦૧૪માં આ આંકડો ૨૬૦૫૩૧ કરોડ સુધી પહોંચી ગયો હતો. બેલેન્સશીટમાં અંતરને ઘટાડવા માટે રૂપરેખા તૈયાર થઇ રહી છે. બેંકોને પણ કેટલીક સૂચના આપવામાં આવી છે. લોન ઈએમઆઈને વધુ ઘટાડવામાં આવશે. હોમ, ઓટો અને અન્ય લોન વધુ સસ્તી થઇ શકે છે. જેટલીએ આજે કહ્યું હતું કે, બેંકોએ આગામી દિવસો અને સમાહોમાં વધુ રેટમાં કાપની ખાતરી આપી છે. આજની બેઠકમાં વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા થઇ હતી. જેટલીએ કહ્યું હતું કે, સરકાર વધુ મૂડી ઠાલવવા માટે પીએસયુ બેંકોની માંગણી તરફ ધ્યાન આપશે. કેટલીક બેંકોએ રેટમાં કાપનો લાભ લોકોને આપવામાં ખચકાટ અનુભવી રહી છે. કારણ કે, સંબંધિત બેલેન્સશીટને લઇને સમસ્યા થયેલી છે. નાની બચતની સ્કીમમાં ઉંચા વ્યાજદર પણ રહેલા છે. જો કે, પ્રધાને કહ્યું હતું કે, પર્યાવરણ આશાસ્પદ છે. બેંકિંગ સેક્ટરમાં મુવમેન્ટ ખુબ જ આશાવાદી દેખાઈ રહ્યું છે. અર્થતંત્ર ઝડપથી રિકવર થઇ રહ્યું છે.

૪૦૦૦થી પણ ઓછી કિંમતે ૪જી એલટીઈ ડિવાઇસ ટૂંકમાં ઉપલબ્ધ

નવીદિલ્હી,તા. ૧૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ આજે કહ્યું હતું કે, ફોરજી એલટીઈ ડિવાઈઝ ૨૦૧૫ના અંત સુધી ચાર હજાર રૂપિયાથી પણ ઓછી કિંમતે બજારમાં ઉપલબ્ધ થઈ જશે. અંબાણી કહ્યું હતું કે, રિલાયન્સ જીઓ આગામી થોડાક મહિનામાં બેટા લોંચ કરશે. જ્યારે કોમર્શિયલ ઓપરેશન ડિસેમ્બરમાં શરૂ કરશે. આરઆઈએલની ૪૧મી વાર્ષિક સામાન્ય બેઠકને સંબોધતા અંબાણીએ કહ્યું હતું કે, રિલાયન્સ જીઓનું મૂડીરોકાણ ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા વિઝન સાથે સંબંધિત છે. અમારા દેશ માટે ડિજિટલ ઈન્ડિયા વિઝનને તેમની કંપની પણ મહત્વ આપશે. નાણાંકીય વર્ષ ૨૦૧૭ રિલાયન્સ જીઓ માટે સંપૂર્ણ કોમર્શિયલ ઓપરેશન વર્ષ તરીકે રહેશે. અંબાણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જીઓ ભારતને ઈન્ટરનેટના મામલામાં ૧૪૨માં રેંકથી ઉંચકીને વિશ્વમાં ટોપ ટેનમાં લાવવામાં સફળ રહેશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, કંપની આગામી સપ્તાહમાં વધુ ડિજિટલ એપ્સ રજૂ કરનાર છે. આરઆઈએલના ટેલિકોમ એકમ રિલાયન્સ જીઓએ રોલઆઉટ ઓબ્લિકેશનની સફળતા હાંસલ કરી છે. વાયરલેસ કવરેજમાં સફળતા મેળવી છે. લાયસન્સની શરતો મુજબ તેની સફળતા ઉલ્લેખનીય રહી છે. અંબાણીએ કહ્યું હતું કે, રિયાલન્સ જીઓ આ વર્ષના અંત સુધી ભારતની વસ્તીના ૮૦ ટકા વિસ્તારને આવરી લેશે. તેમણે ઉમેર્યું હતું કે, કંપની આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ ટકા ભારતીય કવરેજને આવરી લેશે.

રિલાયન્સ રિટેલ બીટુબી ઈ-માર્કેટપ્લેસ લોંચ કરશે

નવીદિલ્હી,તા. ૧૨

રિલાયન્સ રિટેલ બીટુબી ડિજિટલ માર્કેટપ્લેસ ટુંકમાં લોંચ કરશે જેથી કિરાણાની ચીજવસ્તુઓની ઓનલાઈન ખરીદી શક્ય બનશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની ૪૧મી વાર્ષિક સામાન્ય બેઠકને સંબોધતા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી કહ્યું હતું કે, રિલાયન્સ રિટેલ બીટુબી ડિજિટલ માર્કેટપ્લેસ લોંચ કરશે. રિલાયન્સ રિટેલ દ્વારા ઈ-કોમર્સના ક્ષેત્રમાં અન્ય સાહસ પણ આ વર્ષે મોડેથી શરૂ કરવામાંઆવશે. અંબાણીએ કહ્યું હતું કે, અમે રિલાયન્સ ડિજિટલ માર્કેટપ્લેસ પ્લેટફોર્મ લોંચ કરવા જઈ રહ્યા છે જેથી લાખો નાના રિટેલર્સોને એક મંચ મળશે અને તેઓને સુવિધા

મળશે. આનાથી સપ્લાયર બેઝ અને પ્રોડક્ટરેંજને વધારવામાં મદદ મળશે. સાથે સાથે સારી સપ્લાય ચેઈન પ્રોડક્ટીવીટી, ડિજિટલ પેમેન્ટ કેપેબિલીટીની સુવિધા ઉભી થશે. ગ્રાહકોને સીધીરીતે જોડી શકાશે. રિલાયન્સ પહેલાથી જ રિલાયન્સ માર્કેટના નામે બીટુબી સ્ટોર ધરાવે છે અને આ સ્ટોર દેશભરમાં ચાલી રહ્યા છે. અંબાણીએ જણાવ્યું હતું કે, રિલાયન્સ રિટેલના ફેશન અને લાઈફ સ્ટાઈલ ફોર્મેટ પણ આ વર્ષના અંત સુધી તેમના ઈ-કોમર્સ પોર્ટલથી શરૂ કરી દેવામાં આવશે. રિલાયન્સ રિટેલ જ્વેલરી ચેઈન રિયાલન્સ જ્વેલ, ડ્યુરેબલ, ઈલેક્ટ્રોનિક્સ ચેઈન, રિલાયન્સ ડિજિટલ, એપરલ ચેઈન રિલાયન્સ ટ્રેન્ડ અને ફુટવેર ચેઈન રિલાયન્સ ફુટપ્રિન્ટ જેવા ફેશન અને લાઈફસ્ટાઈલ ફોર્મેટ ચલાવે છે. મુંબઈમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યા બાદ રિલાયન્સ રિટેલના ગ્રોસરીય હવે ઈ-કોમર્સ પોર્ટલ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અન્ય માર્કેટમાં પણ તેની શરૂઆત કરવામાં આવશે. અંબાણીનું કહેવું છે કે, રિલાયન્સ દેશભરમાં તેના રિટેલ નેટવર્કને અનેકગણી વધારશે. આગામી વર્ષ સુધી ૨૦૦ શહેરથી આ ફોર્મેટને ૯૦૦ શહેર સુધી લઈ જવામાં આવશે. રિલાયન્સ રિટેલે ગયા વર્ષે ૧૩૦ સ્ટોર ઉમેર્યા હતા. આનો મતલબ એ થયો કે, દરેક બે દિવસમાં પાંચ સ્ટોર ઉમેરવામાં આવ્યા છે. રિલાયન્સ રિટેલ હાલમાં ૨૦ રાજ્યોમાં ૨૦૦ શહેરોમાં ૨૬૦૦ સ્ટોરનું નેટવર્ક ધરાવે છે.

નિફ્ટી ૧૮ પોઇન્ટ ઉછળી ૭૯૮૩ની સપાટીએ

શેરબજારમાં ફરી રિક્વરી : ૫૪ પોઈન્ટ અપ

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે નાણામંત્રી અરુણ જેટલીના નિવેદન બાદ નવા પ્રાણ ફૂંકાયા હતા. ફાયનાન્સિયલ શેરના નેતૃત્વમાં તેજી વચ્ચે બજારમાં રિકવરી રહી હતી. અટવાઈ પડેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને મંજુરી આપવા માટે બેંકોએ તૈયારી બતાવી છે તેવા નાણામંત્રીના નિવેદનથી નવી આશા જાગી છે. નાણામંત્રીએ જાહેર ક્ષેત્રની બેંકોમાં વધુ નાણા ઠાલવવાની વાત કરતા આજે શેરબજારમાં રિકવરી નોંધાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૫૪ પોઈન્ટ ઉછળીને ૨૬૪૨પની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૮ પોઈન્ટ ઉછળીને ૭૯૮૩ની સપાટીએ રહ્યો હતો. જો કે, નિફ્ટીએ ૮૦૦૦ની સપાટી ગુમાવી દીધી છે જેથી કારોબારીઓ ચિંતાતુર થયેલા છે. ગઈકાલે ૮૦૦૦ની સપાટી નિફ્ટીએ ગુમાવી દીધા બાદ આજે ઘણા શેર ઉપર નજર રહી હતી. સીપીઆઈ ડેટા અને આઈઆઈપી ડેટા ઉપર પણ નજર રાખવામાં આવી હતી. સેકટરલ મોરચે આઈટી ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો મોટો ઘટાડો રહ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલ, મેટલ ઈન્ડેક્સમાં એક એક ટકાનો ઘટાડો રહ્યો હતો. જો કે, બેંકેક્સમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ટીસીએસ અને ઈન્ફોસીસના શેરમાં ૧.૮ અને ૧.૨ ટકાનો ક્રમશઃ ઘટાડો રહ્યો હતો. આઈટીની બે મહાકાય આઉટસોર્સિંગ કંપનીઓ સામે એચ૧-બી વિઝા નિયમોના ભંગ મામલે અમેરિકામાં તપાસ હાથ ધરાઈ છે તેવા અહેવાલ બાદ આ બંને કંપનીઓના શેરમાં કડાકો બોલાઈ ગયો હતો. ટેક મહિન્દ્રા, એનઆઈઆઈટી, અન્ય કેટલાક શેરમાં ચાર ટકાથી પણ વધુનો ઘટાડો રહ્યો હતો. બેંકિંગ શેરમાં આજે ૦.૫થી ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. તાતા મોટર્સના શેરમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જગુઆર લેન્ડરોવર દ્વારા માસિક વેચાણના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ કારોબાર રહ્યો હતો જ્યારે સ્મોલકેપમાં ૦.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નબળી રહી હતી. ૧૪૭૯ શેરમાં ઘટાડો રહ્યો હતો જ્યારે ૧૧૯૫ શેરમાં તેજી રહી હતી. શેરબજારમાં આજે સવારે ફરી એકવાર રિક્વરીનો દોર શરૂ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે ફરી એકવાર તીવ્ર મંદીનું મોજું ફરી વળ્યું હતું. નિફ્ટીએ ૮ હજારની સપાટી ગુમાવી દીધી હતી. અગાઉ આરબીઆઈએ કહ્યું હતું કે, બેંકોને બજેટ મૂડીની સરખામણીમાં વધારે નાણાં ઠાલવવા પડશે. આરબીઆઈના આ નિવેદન બાદ પીએસયુ બેંકિંગ શેરમાં તીવ્ર મંદી રહી હતી. ગુરૂવારે કારોબારના અંતે સેન્સેક્સ ૪૭૦ પોઈન્ટ ઘટીને ૨૬૩૭૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટીએ ૮ હજારની તેની મહત્વની ટેકનીકલ સપાટી ગુમાવી દીધી હતી અને તેની સપાટી ૧૫૯ પોઈન્ટ ઘટીને ૭૯૬૫ રહી હતી.

કઠોળ બાદ હવે ડુંગળીના ભાવમાં સતત વધારો

નવી દિલ્હી,તા. ૧૨

કઠોળ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની ચિંતા હવે ડુંગળી પણ વધારી શકે છે. કારણ કે જુન મહિનામાં ડુંગળીના હોસલે ભાવમાં દેશભરમાં રેકોર્ડ વધારો થયો છે. જો સરકાર આમાં દરમિયાનગીરી નહી કરે તો ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં આ સ્થિતી વધારે ચિંતાજનક બની શકે છે. મોદી સરકારને પણ ડુંગળી રડાવી શકે છે. વેપાર નિષ્ણાંતો દ્વારા આ મુજબની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત મુંબઈ અને દિલ્હી જેવા વધારે વપરાશ ધરાવતા સેન્ટરોમાં ડુંગળીના ભાવ વધીને ૧૬ રૂપિયા પ્રતિ કિલોથી ૧૭ રૂપિયા પ્રતિ સુધી પહોંચી ગયા છે. જે જુન મહિનામાં હજુ સુધીનો રેકોર્ડ છે. શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવનાર ડુંગળીની કિંમતો તો આના કરતા પણ વધારે છે. આની કિંમત કિલોદીઠ ૨૨થી ૨૪ રૂપિયા છે. એમ માનવામાં આવે છે કે રમજાનથી પહેલા મધ્યપૂર્વમાં ભારતીય ડુંગળીની માંગ સતત વધી રહી છે. જેથી તેની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. એનસીઆર સહિત દેશના મોટા ભાગના વિસ્તારમાં ડુંગળીની રીટેલ કિંમતો ૨પથી ૩૫ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. આઝાદપુર એપીએમસીના ડુંગળીના સૌથી મોટા કારોબારી પૈકીના એકે માહિતી આપતા કહ્યું છે કે રાજસ્થાનમાંથી આવનાર ડુંગળી કિંમત કિલોદીઠ ૧૦ રૂપિયાથી ૧૫ રૂપિયા વચ્ચે છે. આઝાદપુર માર્કેટમાં તેની ખરીદી કરવામાં આવી રહી છે. રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી આવનાર જથ્થાને કમોસમી વરસાદના કારણે નુકસાન પણ થયું છે. ડુંગળીના વિક્રમી ઉત્પાદન છતા માર્ચ અને એપ્રિલ મહિનામાં કમોસમી વરસાદ થયો હતો. જેથી પાકને નુકસાન પણ થયું છે. કમોસમી પાક પર મારની સાથે સાથે ડુંગળીના કારોબાર પર સટ્ટાબાજીની રમત પણ ચાલી રહી છે. કેન્દ્ર સરકારે હાલમાં ડુંગળી માટે ૫૦૦ કરોડ રૂપિયા સાથે પ્રાઈસ સ્ટેબલલાઈઝેશન ફંડની રચના કરી હતી. આવનાર દિવસોમાં સ્થિતીને સુધારવા માટે વધારે પ્રયાસ કરવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં ચિંતા પ્રવર્તી રહી છે.

મુંબઈમાં પણ વરસાદથી તાપમાનમાં ઘટાડો થયો

મુંબઈ,તા. ૧૨

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં વરસાદના પરિણામ સ્વરુપે લોકોને તીવ્ર ગરમીથી રાહત મળી ગઈ છે. સાથે સાથે તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. ગઈકાલે મોડીરાત્રે વરસાદ શરૂ થયા બાદ આજે વહેલી પરોઢ સુધી વરસાદી ઝાપટાનો દોર જારી રહ્યો હતો. મુંબઈમાં સામાન્યરીતે ૧૦મી જૂન સુધી મોનસુનની એન્ટ્રી થઈ જાય છે પરંતુ આ વખતે મોનસુનની એન્ટ્રી થઈ નથી. મુંબઈના જે વિસ્તારમાં વરસાદ થયો હતો તેમાં વડાલા, કુર્લા, અંધેરી, બિકેસી વિસ્તાર, ચેમ્બુરનો સમાવેશ થાય છે. બીએમસી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. પ્રિ-મોનસુની એક્ટિવીટી હાલમાં જોવા મળી રહી છે. જે જારી રહે તેવી શક્યતા છે.

અગરતલા વિમાનીમથક પર ચીની જેટનુ ઉતરાણ

અગરતલા,તા. ૧૨

અગરતલા વિમાનીમથકે ચીની જેટ વિમાને તાકીદે ઉતરાણ કરતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ જેટ વિમાનમાં નવ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ચીની જેટ વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ વિમાનને તાકીદે ઉતરાણ કરવાની ફરજ હતી. પ્રાપ્ત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે બેજિંગ કેપિટલ એરલાઈન્સનુ વિમાન નવી દિલ્હીથી બેઝિંગ તરફ જઈ રહ્યું હતુ. આ વિમાનમાં ચાર બિઝનેસમેન અને પાંચ ક્રુ મેમ્બરો હતા. આ વિમાનને રાત્રે ૧૧.૩૦ વાગે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. આ ચાર્ટર્ડ વિમાનમાં તમામ ટેકનિકલ ખામીમાં ચકાસણી કરવામાં આવી રહી છે. તમામ ખાતરી કરવામાં આવ્યા બાદ જ તે વિમાન હવે ઉડાણ ભરનાર છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર (અગરતલા એરપોર્ટ) એસડી બર્માએ માહિતી આપતા કહ્યું હતું કે વિમાનની ચકાસણી કરવા માટે સ્પેર પાર્ટસ અને એન્જિનિયર સાથે વધુ એક વિમાન પહોંચનાર છે. તેની પહેલા સંપૂર્ણ ચકાસણી કરવામાં આવનાર છે. આ વિમાન અગરતલા વિમાની મથકે જ રોકાય તેવી શક્યતા છે. જો કે રિપેર કામગીરીમાં પણ એક બે દિવસનો સમય લાગી શકે છે. ચીની જેટ વિમાને અગરતલા વિમાનીમથકે ઉતરાણ કર્યા બાદ અધિકારીઓમાં આને લઈને જોરદાર ચર્ચા રહી હતી. તમામ પ્રકારની ખાતરી પણ કરવામાં આવી હતી. તાકીદ વિમાને સફળરીતે ઉતરી જવામાં સફળતા મેળવી લેતા તંત્રને રાહત થઈ હતી. વિમાનમાં ખામી શુ હતી તે અંગે હજુ તપાસ ચાલી રહી છે.

એચ-૧બી વિઝા : ટીસીએસ અને ઇન્ફોસીસ સામે તપાસ

નવીદિલ્હી,તા. ૧૨

એચ-૧બી વિઝા ધારાધોરણના ભંગના મામલે ટીસીએસ અને ઈન્ફોસીસ અમેરિકી તપાસનો સામનો કરી રહ્યા છે. અમેરિકી સરકારે ભારતની આ બે મહાકાય આઉટસોર્સિંગ કંપનીઓ સામે તપાસ હાથ ધરી છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એચ-૧બી વિઝા નિયમોના સંભવિત ભંગ બદલ તેમની સામે કાર્યવાહી થઈ રહી છે. અમેરિકાના અગ્રણી અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે ધડાકો કર્યો છે કે, શ્રમ વિભાગે તાતા કન્સલ્ટન્સી સર્વિસ અને ઈન્ફોસીસ સામે તપાસ શરૂ કરી દીધી છે. કોન્ટ્રાક્ટ હેઠળ ફોરેન ટેકનોલોજી વર્કર માટે વિઝા માટેના નિયમોનો સંભવિતરીતે ભંગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ ટીસીએસ અને ઈન્ફોસીસ ઉપર કરવામાં આવી ચુક્યો છે. હાલમાં જ આ કંપનીઓને મુશ્કેલી પણ નડી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લેબર ડિપાર્ટમેન્ટ દ્વારા અખબારી અહેવાલ બાદ તપાસ હાથ ધરવામાં આવી છે. એચ-૧બી વિઝાને લઈને આ બે ભારતીય કંપનીઓ સામે તપાસ થઈ શકે છે તેવા અહેવાલ બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. બીજી બાજુ આ કંપનીઓના શેરમાં પણ આજે જોરદાર કડાકો બોલાઈ ગયો હતો. ટીસીએસ અને ઈન્ફોસીસના શેરમાં ક્રમશ ૧.૮ અને ૧.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો.

નાગા આતંકવાદીઓને કેમ્પથી મ્યાનમાર સેના ખદેડી રહી છે

નવી દિલ્હી,તા. ૧૨

ભારતીય સેનાની જોરદાર કાર્યવાહીનો સામનો કરી રહેલા ત્રાસવાદી સંગઠન એનએસસીએન(ખાપલાંગ) અને તેમના સાથી ત્રાસવાદી સંગઠનોને હવે બેવડો ફટકો પડી રહ્યો છે. કારણ કે હવે મ્યાનમારની સેના પણ તેમના કેમ્પોથી નાગા ત્રાસવાદીઓને ખદેડી રહી છે. જેથી આ બળવાખોરોને ભારતીય ક્ષેત્રમાં ફરી આવવાની ફરજ પડી રહી છે. આવનાર દિવસો ભારતીય સુરક્ષા સંસ્થાઓ માટે પડકારરૂપ રહી શકે છે. મ્યાનમારની સેના એનએસસીએન(કે)ની મોબાઈલ યુનિટ-પને મ્યાનમારની તરફથી ભારત તરફ ખદેડી મુકવાની પ્રક્રિયામાં છે. ગુપ્ત માહિતીના આધારે આ વિગત સપાટી પર આવી છે. મ્યાનમારની સેનાના ૫૦-૬૦ જવાનોએ તો એનએસસીએનના એક સ્થળ પર કબજો જમાવી લીધો છે. મ્યાનમારની સેનાએ ભારતીય સુરક્ષા દળોને આ ક્ષેત્રમાં કાઉન્ટર એટેક કરવા માટે સુચના આપી દીધી છે. આ ઓપરેશ આવનાર દિવસોમાં જારી રહે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે,તાજેતરના વર્ષોમાં સૌથી મોટી કાર્યવાહી ભારતે મ્યાનમારમાં ઘુસીને હાલમાં કરી હતી. ક્રોસ બોર્ડર ઓપરેશનમાં ૭૦થી વધુ કમાન્ડો જોડાયા હતા. ૪૦ મિનીટ સુધી આ ઓપરેશન ચાલ્યું હતું. ટૂંકાગાળામાં જ બળવાખોરોનો ખાત્મો બોલાવી દેવાયો હતો. નાગા આતંકવાદીઓએ હુમલો કરીને મણિપુરમાં ૧૮ સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આ નિર્ણય કરાયો હતો અને સાતમી જુનની રાત્રે વડાપ્રધાન મોદીએ કાર્યવાહીની લીલીઝંડી આપી દીધી હતી. ભારતીય સેનાની બે ટુકડીઓમાં વિભાજીત થઈ ગઈ હતી અને ચોથી જુનના દિવસે થયેલા હુમલા માટે જવાબદાર એનએસસીએન (કે) અને કેવાયકેએલ દ્વારા ચલાવવામાં આવતા કેમ્પને ફુંકી દીધા હતા. રોકેટ લોન્ચરોનો પણ ઉપયોગ કરાયો હતો. આ હુમલામાં ૩૮થી પણ વધુ બળવાખોરોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.

રાજસ્થાનમાં કમકમાટીભર્યો બનાવ

બસ પર જીવિત વાયર પડી જતા ૧૫ના મૃત્યુ

જયપુર,તા. ૧૨

રાજસ્થાનના ટોંક જિલ્લાના પાચેવર વિસ્તારમાં જીવિત વાયરના સંપર્કમાં બસ આવી જતાં ઓછામાં ઓછા ૧૫ યાત્રીઓના મોત થઈ ગયા છે. આ બસમાં અન્ય મુસાફરો પણ હતા પરંતુ મોટી સંખ્યામાં યાત્રીઓનો બચાવ પણ થયો છે. જિલ્લા કલેક્ટર રેખા ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ૧૫ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. અન્ય કેટલાક લોકો ગંભીરરીતે દાઝી ગયા છે. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઉંડી તપાસ હાથ ધરી હતી.

નેપાળમાં બે નવા આંચકાથી વ્યાપક ફફડાટ ફેલાઈ ગયો

કાઠમંડુ,તા. ૧૨

નેપાળમાં આજે ફરી એકવાર ભૂકંપના બે આંચકા અનુભવયા હતા જેની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૪.૬ અને ૪.૪ જેટલી અનુભવાઈ હતી. નેપાળમાં કુલ આફટરશોક્સની સંખ્યા હવે વધીને ૩૧૩ ઉપર પહોંચી ગઈ છે. નેપાળમાં હાલમાં જ બે વિનાશકારી ભૂકંપમાં ૯૦૦૦થી પણ વધુના મોત થયા છે. કાઠમંડુથી ૧૫૦ કિલોમીટરના અંતરે સ્થિત ધોલખા જિલ્લામાં ભૂકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે. પ્રથમ આંચકો ૧.૨૨ વાગે અનુભવાયો હતો જ્યારે બીજો આંચકો ૪.૪ની તીવ્રતાનો હતો અને તે નેપાળના સમય મુજબ સવારે ૧૦.૧૯ વાગે અનુભવાયો હતો. ગઈકાલે પણ નેપાળમાં બે આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા ૫.૩ની હતી. નેપાળના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે કહ્યું છે કે, સમગ્ર મામલામાં નુકસાનની ખાતરી કરવામાં આવી રહી છે. નેપાળ બે ભૂકંપથી હજુ રિકવર થઈ રહ્યું છે. કેટલાક આફટરશોક્સ પણ અનુભવયા છે જેની તીવ્રતા ચારથી વધારે નોંધાઈ છે. હાલમાં જ બે વિનાશકારી ભૂકંપમાં ૯૦૦૦થી પણ વધુ લોકોના મોત થયા છે. નેપાળમાં જે બે આંચકા આવ્યા છે તેને લઈને ભારે ખળભળાટ મચી ગયો છે. નેપાળમાં સંપત્તિને પણ હાલમાં ભારે નુકસાન થઈ ચુક્યું છે. નેપાળમાં ભૂકંપના કારણે બચાવ અને રાહત કામગીરી ફરી એકવાર હાથ ધરવામાં આવી છે. નુકસાનની ખાતરી કરવામાં આવી રહી છે.

મેગી પ્રતિબંધ ગૂંચ : નેસ્લે ઈન્ડિયાને રાહતનો ઈન્કાર

મુંબઈ,તા. ૧૨

મુંબઈ હાઈકોર્ટે નેસ્લે ઈન્ડિયાને કોઈપણ પ્રકારની રાહત આપવાનો આજે સાફ ઈન્કાર કરી દીધો હતો. નેસ્લે ઈન્ડિયાએ મેગી નૂડલ્સ ઉપર સરકારના પ્રતિબંધને પડકાર ફેંકીને કોર્ટમાં અરજી કરી હતી. નેસ્લેની અરજીનો જવાબ આપવા રાજ્ય, કેન્દ્ર અને એફએસએસએઆઈને બે સપ્તાહની મહેતલ આપવામાં આવી છે. કોર્ટે આ તમામને બે સપ્તાહનો સમય આપ્યો છે. તટસ્થ ન્યાયના સિદ્ધાંતની પણ વાત કરવામાં આવી છે. નેસ્લેએ કોર્ટને

માહિતી આપી છે કે, તે ભારતભરમાં સ્ટોરથી તમામ પેકેટ પાછા ખેંચી લેવાની પ્રક્રિયામાં છે. કંપનીએ ગઈકાલે કોર્ટમાં અપીલ કરી હતી અને કહ્યું હતું કે, તેના બંધારણીય અધિકારોના ભંગ તરીકે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તટસ્થ ન્યાયના સિદ્ધાંતો સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. નેસ્લેએ કહ્યું હતું કે, તેની સૌથી વધુ વેચાતી ટુ મિનિટ્સ નૂડલ્સ બ્રાન્ડ ઉપર પ્રતિબંધનો નિર્ણય ગેરકાયદે અને અન્યાયી તરીકે છે. કોર્ટ કંપનીને બિનજરૂરી નુકસાનને ટાળવા શુક્રવારના દિવસે તાકીદની સુનાવણી કરવા અગાઉ સહમત થઈ હતી. પમી જૂનના ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કાયદેસરના આદેશ સામે પ્રથમ વખત પડકાર ફેંકવામાં આવ્યો છે. કંપનીએ કહ્યું છે કે, કોઈપણ ઓથોરિટી વગર આ આદેશ આપવામાં આવ્યા હતા. કાયદાની પ્રક્રિયા પણ પાળવામાં આવી નથી. કંપનીએ એવી દલીલ પણ કરી હતી કે, એફએસએસએઆઈના ટેસ્ટ કાયદાની વિરુદ્ધમાં અને ખોટા છે. સ્ટાન્ડર્ડની અરજી સામે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. પરવાનગીવાળી હદથી વધુ લીડની ઉપસ્થિતિ માટે ટોલરન્સની મર્યાદાને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા છે. નેસ્લેની મુખ્ય માંગ એ હતી કે, પ્રતિબંધને ઉઠાવી લેવામાં આવે. મેગીને આજે ફરીવાર કોઈ રાહત મળી ન હતી. પાંચમી જૂનના દિવસે એફએસએસએઆઈએ વધુ ઉત્પાદન, પ્રોસેસીંગ, આયાત, ડિસ્ટ્રીબ્યુશન અને વેચાણને રોકવા નેસ્લે ઈન્ડિયાને આદેશ કર્યો હતો. મેગી નૂડલ્સનો મામલો હાલમાં ખુબ જ ગરમ થયેલો છે. તેનામાં જોખમી તત્વોને લઈને પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.